તાપમાન
મહત્તમ : ૩૧.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૬૧ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૪૦ | ૩૦ જુલાઈ, ૨૦૧૬, શનિવાર ; અષાઢ વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ગુડગાવ શહેરમાં ટ્રાફિક જામ બાદ સ્થિતિ હળવી

ગુડગાવ,તા. ૨૯

દિલ્હી-એનસીઆરના ગુડગાવ શહેરમાં ઐતિહાસિક ટ્રાફિક જામની સ્થિતી કલાકો સુધી રહ્યા બાદ હવે ગુડગાવના જુદા જુદા ભાગોમાં સામાન્ય સ્થિતિ સ્થાપિત થઈ ગઈ છે. એમજી રોડ, સુભાષ ચોક, સોહનારોડ, પાલમ વિહાર, જુની દિલ્હી-ગુડગાવ રોડ જેવા વિસ્તારોમાં બપોરના ગાળામાં સ્થિતિમાં સુધારો થયો હતો. પાણી ભરાઈ જવાના કારણે ગોલ્ડ કોર્સ રોડ, પટોડી રોડ, ખાંડસા રોડ, સિકંદરપુર જેવા વિસ્તારમાં ભારે ટ્રાફિક જામની સ્થિતિ રહી હતી. છેલ્લા સમાચાર મળ્યા ત્યારે સ્થિતિમાં સુધારો થઈ ગયો હતો. લોકોને મોટી રાહત થઈ હતી. અગાઉ ગુરૂવારે સાંજે ભારે વરસાદ થયા બાદ આ સ્થિતી સર્જાઈ ગઈ હતી. સ્થિતીનો અંદાજ એ બાબતથી લગાવી શકાય છે કે કેટલાક લોકો તો ટ્રાફિકમાં ગઈકાલે ફસાઈ ગયા બાદ આજે સવાર સુધી નિકળી શક્યા ન હતા.

# બેંક હડતાળથી આર્થિક વ્યવહાર ખોરવાયા

### ૧૫૦૦૦ કરોડ સુધીના બેંકિંગ કામોને પ્રતિકુળ અસર થઈ : મર્જર, બેંકિંગ સેકટર માટેની નીતિઓ અને ખાનગીકરણ સામેના વિરોધમાં જાહેર ક્ષેત્રની બેંકોના ૧૦ લાખથી વધુ કર્મચારીઓની એક દિવસની હડતાળ



નવી દિલ્હી, તા.૨૯

૪૦થી વધુ ખાનગી અને રાષ્ટ્રીયકૃત બેંકોમાં કામ કરતા ૧૦ લાખથી વધુ કર્મચારીઓ આજે રાષ્ટ્રવ્યાપી હડતાળ ઉપર ઉતરી જતા બેંકિંગ સેવા સંપૂર્ણપણે ઠપ થઈ ગઈ હતી. આ સેકટર માટે કેન્દ્રિય સરકારની નીતિઓ સામેના વિરોધમાં એક દિવસની હડતાળ બેંકિંગ કર્મચારીઓ દ્વારા પાડવામાં આવી હતી. હડતાળને ખૂબ સારો પ્રતિસાદ મળ્યો હોવાનો દાવો ઓલ ઈન્ડિયા બેંક એમ્પલોઈઝ એસોસિએશનના જનરલ સેક્રેટરી સીએચ વેંકટચલમ દ્વારા કરવામાં આવ્યો છે. મોટાભાગની રાષ્ટ્રીયકૃત બેંકો આજે બંધ રહી હતી. આંધ્ર બેંક એમ્પલોઈઝ યુનિયનના જનરલ સેક્રેટરીએ દાવો કર્યો હતો કે બેંકીંગ ઓપરેશન દેશભરમાં ખોરવાઈ પડ્યું છે. બેંકીંગ સેકટરમાં યુનિયનોએ સરકારી બેંકોમાં ખાનગી મૂડી ઠાલવી દેવા, આ સેકટરમાં મર્જર અને અન્ય પગલાંઓને લઈને હડતાળની હાકલ કરી હતી. બેંકીંગ સેકટરમાં નવ યુનિયનોના છત્ર સંગઠન યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન દ્વારા હડતાળની હાકલ કરવામાં આવી હતી. આ યુનિયનના એ``આઈબીઈએ`, એઆઈબીઓસી, એનસીડીઈ, એઆઈબીઓએ, બીઈએફઆઈ, આઈએનબીઈએફ,

● અનુસંધાન પાન-૭ પર

## યુપી ભાજપના વિવાદાસ્પદ દયાશંકરસિંહની અંતે ધરપકડ

### ઉત્તરપ્રદેશ અને બિહાર પોલીસનું સંયુક્ત ઓપરેશન સફળ



લખનૌ, તા.૨૯

ભાજપમાંથી હકાલપટ્ટી કરવામાં આવેલા દયાશંકરસિંહની આજે બિહારમાં બક્સરથી આખરે ધરપકડ કરી લેવામાં આવી હતી. ઉત્તરપ્રદેશ અને બિહાર પોલીસના સંયુક્ત ઓપરેશનમાં દયાશંકરસિંહની ધરપકડ કરી લેવામાં સફળતા હાથ લાગી હતી. બહુજન સમાજ પાર્ટી નેતા અને ઉત્તરપ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી માયાવતી સામે વાંધાજનક ટિપ્પણી કરવા બદલ એસસી-એસટી એક્ટ હેઠળ બહુજન સમાજ પાર્ટીના કાર્યકરો દ્વારા તેમની સામે એફઆઈઆર દાખલ કરવામાં આવ્યા બાદ દયાશંકરસિંહ ફરાર થઈ ગયા હતા અને તેમની ધરપકડ કરવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા હતા. દયાશંકરસિંહ અંડરગ્રાઉન્ડ થઈ ગયા હતા. બહુજન સમાજ પાર્ટીના રાષ્ટ્રીય સેક્રેટરી મેવાલાલ ગૌતમ દ્વારા ફરિયાદ કરવામાં આવ્યા બાદ દયાશંકરસિંહની મુશ્કેલી વધી ગઈ હતી. ૨૦મી જુલાઈના દિવસે મઉમાં દયાશંકરસિંહે ઉશ્કેરણીજનક સૂચન કરતા ખળભળાટ મચી ગયો હતો.

● અનુસંધાન પાન-૭ પર

# એફડીઆઈમાં ૫૩ ટકાનો વિક્રમી વધારો

### છેલ્લા બે વર્ષમાં સરકાર દ્વારા લેવાયેલા પગલાંના લીધે રોકાણમાં વધારો : અરૂણ જેટલી

નવી દિલ્હી, તા.૨૯

કેન્દ્રિય નાણામંત્રી અરૂણ જેટલીએ આજે કહ્યું હતું કે છેલ્લા વર્ષના ગાળામાં ભારતમાં એફડીઆઈમાં રેકોર્ડ ૫૩ ટકાનો વધારો થઈ ચુક્યો છે. મૂડીરોકાણને લઈને ચિત્ર ખૂબ જ આશાસ્પદ ઉભરી રહ્યું છે. સરકાર દ્વારા મૂડીરોકાણને વધારવા માટે વિવિધ પગલાં લેવામાં આવ્યા છે. ભાવસ્થિરતા માટે પણ પગલાં લેવામાં આવ્યા છે. જેટલીએ કહ્યું હતું કે મૂડીરોકાણ ચેરેટી માટે બનાવવામાં આવ્યું નથી. જેટલીએ લોકસભામાં માહિતી આપતા કહ્યું હતું કે કારોબાર કરવાની પ્રક્રિયાને સરળ બનાવવામાં આવી છે. છેલ્લા બે વર્ષના ગાળામાં ખૂબ સારી પ્રગતિ થઈ છે. આજ કારણસર દેશમાં એફડીઆઈમાં ૫૩ ટકા સુધીનો ધારો થઈ ચુક્યો છે. જે રેકોર્ડ ઉંચી સપાટી પર છે. જેટલીએ પ્રશ્નકલાક દરમિયાન કહ્યું હતું કે એફડીઆઈને સર્વગ્રાહી સુધારા હાથ ધરવામાં આવ્યા છે. એફડીઆઈનો આંકડો વર્ષ ૨૦૧૫-૧૬માં સર્વોચ્ચ રહ્યો છે. આર્થિક વિકાસને વેગ આપવા, ભાવને નિયંત્રણમાં લેવા, નાણાકીય પારદર્શકતા લાવવા જેવા પગલાં લેવામાં આવ્યા છે. જેનાથી એકંદરે માઈક્રો ઈકોનોમિક સ્થિરતામાં સુધારો થયો છે અને દેશમાં મૂડીરોકાણનું ચિત્ર વધારે ઉજ્જવળ બન્યું છે. મૂડીરોકાણકારો ચેરીટી માટે રોકાણ કરતા નથી.

● અનુસંધાન પાન-૭ પર



## ૨૫મી ઓગસ્ટે રામલીલા મેદાન ખાતે હાર્દિક પટેલ રેલી ગજવશે

અમદાવાદ, તા.૨૯

પાસના કન્વીનર હાર્દિક પટેલે આગામી ૨૫મી ઓગસ્ટે દિલ્હીના રામલીલા મેદાન પર મહારેલી યોજાવવાનું જાહેરાત કરી છે. ત્યારે ગુજરાતમાં મોરબી અને અમરેલીમાં પણ ૨૫મી ઓગસ્ટે રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. સુત્રો મુજબ, પાટીદાર અનામત આંદોલનના કન્વીનર હાર્દિક પટેલને ૬ મહિના સુધી ગુજરાત હાઈકોર્ટે ગુજરાતમાં પ્રતિબંધનો આદેશ આપ્યો છે. ત્યાં હાર્દિક પટેલે આગામી ૨૫મી ઓગસ્ટે દિલ્હી ખાતેના રામલીલા મેદાન પર મહારેલી યોજવાની જાહેરાત કરી છે. ૨૫મી ઓગસ્ટે જન્માષ્ટમીના તહેવાર દરમ્યાન સૌરાષ્ટ્રના અમરેલી અને મોરબી ખાતે મહારેલીનું આયોજન કરવામાં આવ્યું છે. હાર્દિક પટેલને ગુજરાત પ્રતિબંધ હોવાથી દિલ્હીના રામલીલા મેદાન ખાતે ૨૫મી ઓગસ્ટે રેલીમાં હાજરી આવશે. આ મહારેલીમાં ગુજરાત સહિત અન્ય રાજ્યોના પાટીદાર સમુદાય આગેવાનો અને કાર્યકરોને આમંત્રણ આપવામાં આવ્યું છે. ૨૫મી ઓગસ્ટ બાદ ૩૧મી ઓગસ્ટના રોજ નવી દિલ્હી ખાતે રેલી અને સભાનું આયોજન કરવામાં આવશે. પાસના આગામી કાર્યક્રમો અંગે બેઠક યોજવામાં આવી છે. ઉદયપુર ખાતે હાર્દિક પટેલની આગેવાનીમાં પાસના



રાખડી - રક્ષાબંધનના આગમનને પગલે બજારમાં વિવિધ રૂપ-રંગવાળી રાખડીઓ આવી ગઈ છે... હજુ ૨૦ દિવસની વાર હોવા છતાં વૈવિધ્યપૂર્ણ રાખડીઓના વેચાણથી પર્વોની મોસમના અણસાર વર્તાઈ રહ્યા છે...

# ખંભાળીયામાં ૮ ઈંચથી વધારે વરસાદ

### જામગનર, જુનાગઢ, રાજકોટમાં ભારે વરસાદ નોંધાયો : ખંભાળીયાના આસપાસના ગામડામાં છ ઈંચથી વધુ વરસાદ : જામનગરમાં પાંચ ઈંચથી વધુ વરસાદ

અમદાવાદ, તા.૨૯

ગુજરાતના જુદા જુદા ભાગોમાં આજે પણ મેઘ મહેર જારી રહી હતી. ખાસ કરીને સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં ભારે વરસાદ થયો હતો. જેમાં જુનાગઢ, ખંભાળીયા, રાજકોટ, જામનગરમાં ભારે વરસાદ થયો હતો. દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળીયામાં કલાકોના ગાળામાં જ ૮ ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો જ્યારે ખંભાળીયાના આસપાસના ગામડાઓમાં છ ઈંચથી વધુ વરસાદ થયો છે. દ્વારકા, મીઠાપુર, આરંભડામાં ઝાપટા પડ્યા છે જ્યારે ભાટીયામાં ૩૬ મીમી, ભાણવડમાં ૨૪ મીમી વરસાદ થયો છે. કલ્યાણપુરમાં ૩ મીમી વરસાદ થયો છે. પ્રાપ્ત માહિતી મુજબ જામનગરમાં કલાકોના ગાળામાં જ છ ઈંચની આસપાસ વરસાદ થયો હોવાના



અહેવાલ મળ્યા છે. ધ્રોલમાં બે ઈંચ અને જોડીયાના દોઢ ઈંચ વરસાદ થયો છે. દેવભૂમિ દ્વારકામાં પણ ભારે વરસાદ થયો છે. કાલવાડમાં ૧ ઈંચ વરસાદ થયો છે. જુનાગઢમાં મેઘરાજાની શાહી સવારીથી લોકોમાં ખુશીનું મોજુ ફરી વળ્યું હતું. દેવભૂમિ દ્વારકામાં સવારો ધોધમાર વરસાદ શરૂ થયા બાદ ત્રણ કલાકની અંદર અઢી ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો. દ્વારકા જિલ્લાના ખેડખંભાળીયામાં કલાકોના ગાળામાં ભારે વરસાદથી ચારેબાજુ પાણી ભરાઈ ગયા હતા. બપોરના ગાળા બાદ પણ વરસાદ જારી રહ્યો હતો. સવારે ઝરમર વરસાદની શરૂઆત થયા બાદ દિવસ દરમિયાન વરસાદ જારી રહ્યો હતો. આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં પણ વરસાદ થયો હતો.

ખંભાળીયા તાલુકાના વેરાડ, મુવાણા, ભારથર સહિતના વિસ્તારમાં વરસાદ થયો હતો. મોસમનો પ્રથમ વરસાદ થયો હોવાથી લોકોમાં ખુશીનું મોજુ ફરી વળ્યું હતું. અહીં વરસાદ હાલમાં ખેંચાયેલો હતો. બીજી બાજુ જુનાગઢ અને જામનગરમાં ભારે વરસાદ થયો છે. જામનગરમાં ટૂંકા ગાળામાં જ છ ઈંચ વરસાદ પડી રહ્યો હતો. રાજકોટમાં પણ ભારે વરસાદ થયો હતો. આની સાથે જ રાજકોટમાં મૌસમનો કુલ વરસાદ આઠ ઈંચથી વધુ થઈ ગયો છે. રાજકોટના અનેક જળાશયોમાં પાણીની સપાટી વધી ગઈ છે.

જુનાગઢમાં પણ મેઘમહેર રહી હતી અને બે ઈંચથી વધુ વરસાદ નોંધાઈ ગયો છે. જામનગરમાં ઘણી જગ્યાએ પાણી પણ ભરાઈ ગયા હતા. ધ્રોડમાં ૨, જોડિયામાં ૨ ઈંચ વરસાદ થયો છે. દરમિયાન, રાજયમાં ધીમીધારે વરસી રહેલા વરસાદે છેલ્લા ચોવીસ કલાક દરમિયાન રાજયના ૬૯ તાલુકાઓમાં નોંધનીય વરસાદ વરસ્યો છે. જેમાં વલસાડ જિલ્લાના વારી તાલુકામાં ૮૦ મી.મી. ભાવનગર જિલ્લાના ભાવનગર તાલુકામાં ૭૮ મી.મી અને નર્મદા

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગરમાં મોડીરાત્રે ગાજવીજ સાથે વરસાદ

ગાંધીનગર, તા.૨૯

છેલ્લા એક સપ્તાહની રાહ જોવડાવ્યા બાદ શુક્રવારે મોડીરાત્રે કડાકા-ભડાકા સાથે મેઘરાજાની પધરામણી થઈ હતી. રાત્રે ૮ થી ૯ દરમિયાન ગાજવીજ સાથે વાતાવરણને અષાઢી માહોલમાં ફેરવ્યું હતું. આક્રમક ઝાપટાથી આરંભાયેલ વરસાદ આગામી બે દિવસ પડશે એવું માહોલ સર્જાયો છે. સેક્ટર-૨૬માં વિજળી પડતા કિસાનનગરના પ્લોટ નં. ૨૦૨માં ઈલેક્ટ્રીક ઉપકરણ બળી ગયા હતા. આમ સમગ્ર શહેરમાં વરસાદના આગમનથી ખુશીનો માહોલ સર્જાયો હતો. અસહ્ય બફારા બાદ હળવાથી મધ્યમ વરસાદી ઝાપટાથી વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી.

TATA MOTORS
આવો, હરસોલીયા મોટર્સ સાથે ઉજ્જવળ ભવિષ્ય બનાવો...
નવી પ્રોડકટસ માટે
પેસેન્જર વ્હીકલના અગ્રગણ્ય નિર્માતા ટાટા મોટર્સની ડીલરશીપ માટે ગાંધીનગર, કલોલ, દહેગામ અને માણસાના વિસ્તાર માટે સ્થાનિક રૂરલ સ્ટાફ જોઈએ છે.
ઓફિસ સ્ટાફ : સેલ્સ એકઝીક્યુટીવ્સ, એકાઉન્ટન્ટ, રીસેપ્સનીસ્ટ કમ ટેલીકોલર
વર્કશોપ સ્ટાફ : વર્કશોપ મેનેજર, વર્કશોપ સપોર્ટ સ્ટાફ મીકેનીક, હેલ્પર, ઓટો ઈલેક્ટ્રીશીયન અને ડેન્ટીંગ કામના જાણકાર
આકર્ષક પગાર + ઈન્સેન્ટીવ. ફ્રેશર/ગ્રેજ્યુએટ પણ આવકાર્ય છે
કોઈપણ FMCG/Telecom/ઓટોમોબાઈલ ક્ષેત્રના જાણકારને પ્રથમ પસંદગી
ટાટા મોટર્સના ઓથોરાઈઝડ ડીલર હરસોલીયા મોટર્સ પ્રા. લિ.
C/o. રોયલ હોન્ડા, સેકટર-૨૧, રાજશ્રી સિનેમા પાસે, ગાંધીનગર ફોન : 079-23225714/703
Email : harsoliamotorsgnr@gmail.com
ઉપરની લાયકાત ધરાવતા ઉમેદવારોએ ઉપરના સરનામે બાયોડેટા તથા પાસપોર્ટ સાઈઝ ફોટા સાથે સવારે ૧૧ થી ૬ માં રૂબરૂ મળો.

VAIBHAV FURNISHINGS INC.
RETAIL SHOWROOM & FACTORY OUTLET



D'DECOR Live beautiful | DC TEX FURNISHINGS | HOMES | COPPER | SPRINGFIT
• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS
Time : 11 a.m. to 9 p.m.
8, SIDDHRAJ ZORI, SARGAASAN - G'NAGAR
09414119651, 09829719885, 09462597151
Time : 9.30 a.m. to 7 p.m.
E 76, ELECTRONOICS ESTATE, G.I.D.C., SECTOR 26, G'NAGAR
09462597151, 09414119651

NAGARJUNA | BAN Since 1966 | Himalaya HERBAL HEALTHCARE | ZANDU | VASU Healthcare Pvt. Ltd. | પતંજલિ | Baidyanath | Dabur | SANDU | Charak
આયુર્વેદિક દવાઓ
આયુર્વેદિક નિદાન કેમ્પ
દર શનિવારે સાંજે ૫ થી ૮
MM WellCARE
Manoj M. Trivedi | 98793 48048
Opp. Shree Bhuvneshwar Temple, Cheap Type Shopping Center, Sector-6/D, Gandhinagar. Ph. : 079 - 23241415



ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225